**ફો. પ. અ. નં. –8601/2017**

**આંક–૧ લગત હુકમ**

(૧) સદર કેસ રેકર્ડ વંચાણે લીધું, કેસ રેકર્ડ તથા સી.આઈ.એસ. મોડ્યુઅલમાં સદર કેસનું આજદિન સુધીનું રોજકામ ધ્યાને લીધું, સદર કેસ અત્રેની કોર્ટ દ્વારા કરવામાં આવેલ ફીઝીકલી વેરીફીકેશન દરમીયાન પણ મળેલ ન હોય, માટે નોન–ટ્રેસેબલ ના કેસોમાં ઉમેરેલ હતો, હાલમાં અત્રેની અદાલત દ્વારા હાથ ધરવામાં આવેલ રીવેમ્પીંગ કાર્યવાહી દરમીયાન સદર કેસ ની શોધખોળ કરતા સદર કેસ ક્રિ. પ્રો. કોડની કલમ ૧૨૫(૩) મુજબના ગુનામાં દાખલ થયેલાનું જણાઇ આવે છે. હાલમાં સી.આઇ.એસ. મોડ્યુઅલમાં સદર કેસની ડીટેઈલ જોતા સદર કેસ તા.–31/08/2017 ના રોજ અત્રેની કોર્ટમાં દાખલ થયેલાનુ માલુમ પડે છે, અને તેની ફર્સ્ટ હીયરંગ ડેટ તા.–11/10/2017 ની માલુમ પડે છે. ત્યારથી આજદિન સુધી સદર કેસ ફીઝીકલી બોર્ડ પર આવેલ નથી કે, સદર કેસ તરફે કોઇ રજુઆત ધ્યાને આવેલ નથી.

(૨) સદર કેસ ના બન્ને પક્ષકારોના નામ દ્વારા પણ સી.આઈ.એસ. મોડ્યુઅલમાં તપાસ કરતા સદર કેસમાં એન્ટ્રી થયેલ પક્ષકારોના નામવાળી આ એકમાત્ર ફરિયાદ/ અરજી ધ્યાને આવેલ છે, આ કેસ સિવાય બન્ને પક્ષકારોના નામવાળી અન્ય કોઈ ફરિયાદ / અરજી દાખલ થયેલ હોવાનું જણાઈ આવતુ નથી, વધુમાં સી.આઈ.એસ. મોડયુલમાં સદર કેસની ડીટેઈલ જોતા તેમાં બન્ને પક્ષકારોમાંથી કોઈપણ પક્ષકારોના વકીલશ્રીના નામનો ઉલ્લેખ કરવામાં આવેલ નથી, જેથી સદર કેસની એન્ટ્રી ખોટી થયેલ હોય તેમ જણાઈ આવે છે.

(૩) વધુમાં નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા વખતો વખત જાહેર કરવામાં આવેલ તમામ માર્ગદર્શીકાઓને ધ્યાને લઇ તે મુજબ સદર કેસ નંબરની તપાસ કરતા પણ સદર કેસ વિશે કોઇ માહિતી મળેલ નથી. તેમજ સદર કેસ નંબરમાં આજદિન સુધી બન્ને પક્ષકારો તરફે કોઈ જ પ્રકારની અરજી કે રજુઆત રેકર્ડ પર આવેલ નથી.

(૪) અત્રેની અદાલતના સ્ટાફ દ્વારા પણ આ કેસ અંગે લાગતા વળગતા રજીસ્ટરમાં તથા અત્રેની કોર્ટના ફેસલ થયેલ કામોના પોટલામાં તપાસ કરવામાં આવેલ પરંતુ આ કેસ બાબતે કોઈ માહિતી મળી આવેલ નથી. આમ આ કેસ ફીઝીકલી ન હોવા છતા છેલ્લા ઘણા સમયથી માત્ર કોમ્પ્યુટરમાં સી.આઇ.એસ.મોડ્યુઅલમાં અસ્તીત્વ ધરાવે છે. જેથી સદર કેસ ફીઝીકલી ન મળી આવતા નોન–ટ્રેસેબલ કેસ તરીકે પેન્ડીંગ છે.

(૫) સદર તમામ હકીકતો ધ્યાને લેતા તેમજ સદર કેસની એન્ટ્રી ખોટી થયેલ હોય અને સદર કેસ ખોટી રીતે અત્રેની કોર્ટમાં સી.આઇ.એસ. મોડ્યુઅલ તથા બેલેન્સ શીટમાં ખોટી રીતે લંબાઇ આવતો હોય તેમ જણાઈ આવે છે, તેમજ આજદિન સુધી સદર કેસ બાબતે કોઇ રજુઆત કે અરજી રજુ નથી તેમજ ભવિષ્યમાં આ કેસ મળી આવે તેવી કોઇ શક્યતા જણાતી ન હોય માટે ઉપરોકત તમામ હકીકતો અને ક્રિ.પો.કોડની કલમ–૨૫૬ ની જોગવાઇને ધ્યાને રાખી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**હુકમ**

(૧) સદર કેસ જો ફીઝીકલ મળી આવે તો ફરીવાર રી–સ્ટોર કરવાની શરતે હાલ પુરતો સી.આઇ.એસ. મોડ્યુઅલમાંથી ફેસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) જો કોઈ વ્યથિત વ્યકિત ધ્વારા ભવિષ્યમાં સદર કેસ અસ્તિત્વમાં છે તેમ રજુઆત કરવામાં આવે તો તે વ્યકિત ધ્વારા સદર કેસની જરૂરી નકલો રજુ કરવાની શરતે સદરહુ કેસ રીસ્ટોરની આગળની કાર્યવાહી કરવાપાત્ર રહેશે.

(૩) આ હુકમ સાથે આ કેસ અંગે કોમ્પ્યુટરના સી.આઇ.એસ. મોડ્યુઅલની માહિતીની પ્રિન્ટ આઉટના કાગળો કેસ પેપર્સ તરીકે સામેલ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મુકામઃ અમદાવાદ
તા.

(વી. આર. ચૌધરી)
૧૩મા એડી.ચીફ. જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ
કોર્ટ નંબરઃ૦૭.અમદાવાદ.
કોડ નં.જીજે. ૦૦૮૧૫.